# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

NAAC "B" (2.21) State University

પો.બો.નં.૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ-૩૮૪૨૬૫ (ઉ.ગુ.)

ફોન : (૦૨૭૬૬) ૨૩૭૦૦૦ ફેક્સ : (૦૨૭૬૬) ૨૩૧૯૧૭

Email : regi@ngu.ac.in Website : www.ngu.ac.in


પરિપત્ર નં.- ૧૦૩ /૨૦૨૬ અગત્યનું

વિષય : શૈક્ષણિક વર્ષ : ૨૦૨૬-૨૭ માં ''નો એડમીશન ઝોન'' માંથી મુક્તિ આપવા બાબત.

સંદર્ભ : ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીનો પત્રાંક : ઉ.શી.ક./એફીલીએશન/૨૦૨૬/૬૮૪-૭૦૦, તા.૨૨/૦૫/૨૦૨૬

આ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/સંસ્થાના વડાશ્રીઓને જણાવવાનું કે, ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૨૧/૧૨/૨૦૦૧ ની જોડાણ અંગેની માર્ગદર્શક સૂચનાઓ અંગેનો ઠરાવ તથા વખતોવખતના ઠરાવો અનુસાર કોલેજ જોડાણ અંગેની રાજ્ય સરકારશ્રીની સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી ન ધરાવતી સ્વનિર્ભર અભ્યાસક્રમો/વધારાના સ્વનિર્ભર વિષયો ચલાવતી કોલેજોને સંદર્ભદર્શિત પત્રથી કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના પત્રથી શૈક્ષણિક વર્ષ : ૨૦૨૬-૨૭ ની GCAS મારફતે રાજય સરકારશ્રીના એડમીશન પોર્ટલ પર વિદ્યાથીઓના એડમીશનની કાર્યવાહી તા.૨૮/૦૫/૨૦૨૬ થી શરૂ થયેલ હોઇ વિદ્યાર્થીઓના ભવિષ્ય અને વિશાળ હિતને ધ્યાને લેતાં શૈક્ષણિક વર્ષ : ૨૦૨૬-૨૭ માટે સૈધ્ધાંતિક મંજૂરી મેળવેલ ન હોય તેવી સંસ્થાઓને 'નો એડમિશન ઝોન' માંથી મુક્ત કરવા જણાવેલ છે.

સંદર્ભે આ યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર અભ્યાસક્રમો/વધારાના સ્વનિર્ભર વિષયોનું યુનિવર્સિટીનું જોડાણ મેળવેલ હોય અને સરકારશ્રીની સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી મેળવેલ ન હોય તેવી સ્વનિર્ભર અભ્યાસક્રમો/વધારાના સ્વનિર્ભર વિષયો ચલાવતી કોલેજોને 'નો એડમિશન ઝોન' માંથી મુક્ત કરવામાં આવે છે.

વધુમાં આ યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર અભ્યાસક્રમો/વધારાના સ્વનિર્ભર વિષયો ચલાવતી અને રાજ્ય સરકારશ્રીની સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી ન ધરાવતી કોલેજોએ ઉદયમ કોજન્ટ પોર્ટલ પર ઓનલાઇન તમામ પ્રક્રિયા દિન-૩૦ માં પૂર્ણ કરી સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી/સૈધ્ધાંતિક જોડાણ મેળવી લેવા આથી જણાવવામાં આવે છે.

માન.કુલપતિશ્રીની ફાઇલ પર મળેલ મંજૂરી અનુસાર,

કુલસચિવ વતી

નં.- એકે/જોડાણ/ટે-૨/૪૪૨/૨૦૨૬

તારીખ : ૦૧/૦૫/૨૦૨૬ ૦૬

પ્રતિ,

આ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રી/સંસ્થાના વડાશ્રીઓ તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી સારૂ. (મેઇલ મારફતે)

નકલ રવાના જાણ તથા ઘટતી કાર્યવાહી સારૂ :

(૧) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

(૨) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનું કાર્યાલય, હેમ. ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ

(૩) સિસ્ટમ એનાલિસ્ટશ્રી, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ (વેબસાઇટ પર મુકવા સારૂ)

(૪) નોડલ ઓફીસરશ્રી, GCAS સેલ, હેમ.ઉ.ગુજ. યુનિવર્સિટી, પાટણ

(૫) પ્રવેશ પ્રશાખા, એકેડમિક શાખા, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ

(૬) ઈન્ચાર્જ ઓફિસરશ્રી, ખેડબ્રહ્મા કેમ્પસ, વડાલી, જી.સાબરકાંઠા

(૭) સંબંધિત ફાઈલે